રાજ્ય પોલીસ દળમાં સીધી ભરતીમાં મહિલાઓ
માટે ૩૩ ટકા અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક :- મહક/૧૦૨૦૧૪/૩૦૮૦/સ(પા/ફા.૧)

સચિવાલય, ગાંધીનગર

તા.૦૩/૦૯/૨૦૧૪

વંચાલે લીધા :- (૧) સા.વ.વિ.ની તારીખ:- ૯/૦૪/૧૯૯૭નું નોટીફીકેશન ક્રમાંક:- GS/97-13-CRR-1096-2213/G.2

(૨) સા.વ.વિ.ની તારીખ:- ૨૨/૦૫/૧૯૯૭નો પરિપત્ર ક્રમાંક:- સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગર

(૩) ગૃહ વિભાગનું તા.૩૦/૧૧/૧૯૯૩ નું જાહેરનામું ક્રમાંક:- GG/93/151/RCT/1091/3742(iii)C

**આમુખ :-**

રાજ્ય પોલીસ દળમાં હાલ સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ ઉક્ત ક્રમ- ૧ અને બે પરની અધિસૂચનાઓ પરિપત્રોની જોગવાઇને ધ્યાને રાખી સીધી ભરતીઓમા સામાન્ય રીતે મહિલાઓ માટે ૩૦ ટકા અનામત રાખવામા આવે છે. રાજ્ય સરકાર દ્વારા પોલીસદળમાં મહિલાઓનું પ્રતિનિધીત્વ વધે તે દીશામાં પ્રયત્નશીલ છે, રાજ્યના વર્ષ૨૦૧૪-૧૫ના સુધારેલ અંદાજપત્રમાં રાજ્ય પોલીસદળમાં સીધી ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામત રાખવાની નેમ વ્યક્ત કરવામાં આવેલ છે જેના અનુસંધાને પોલીસદળમાં ૩૩ ટકા અનામત રાખવાની બાબત વિચારણા હેઠળ હતી,

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય પોલીસદળમાં સીધી ભરતી વખતે નીચે દર્શાવેલ વર્ગ-૩ના સંવર્ગમાં સીધી ભરતીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ |
|---|---|
| ૧ | પોલીસ સબ ઇન્સ્પેકટર (બિન હથિયારી) |
| ૨ | આસી સબ ઇન્સ્પેકટર (બિન હથિયારી) |
| ૩ | પોલીસ કોન્સ્ટેબલ ( બિન હથિયારી) |
| ૪ | પોલીસ કોન્સ્ટેબલ (હથિયારી) |

સંદર્ભ-૩ માં દર્શાવેલ ગૃહ વિભાગના જાહેરનામાથી રાજ્યપોલીસ દળમા હાલમાં અમલમાં રહેલ મહિલા કોન્સ્ટેબલના અલગ ભરતી નિયમો રદ કરવા માટેના જરૂરી હુકમો અલગ રીતે રવાના કરવામાં આવી રહ્યા છે.

ઉપરોક્ત ઠરાવ સરકારશ્રીની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૨૮/૦૮/૨૦૧૪..ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)

ઉપ સચિવ,

ગૃહ વિભાગ,

ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય , ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રીસ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ( સંદર્ભ-૧માં દર્શાવેલ સામાન્ય વહિવટ વિભાગના નોટીફીકેશનમાં યોગ્ય સુધારો આમેજ કરવા વિનંતી સહ)
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહિવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી/ સર્વે પોલીસ અધિક્ષકશ્રી.
- સર્વે સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ સંયુકત સચિવ/નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ /અમદાવાદ

–શાખા સીલેકટ ફાઈલ

–નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.